તા. ૨૫.૦૯.૨૦૨૫, પાના નં. ૦૧
દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ)

# નવરાત્રીમાં સેક્ટર-1થી રાત્રે 1 અને મોટેરાથી રાત્રે 2 વાગ્યા સુધી મેટ્રો મળશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર | નવલી નવરાત્રીમાં મોડી રાત્રી સુધી ગરબે ઘૂમતા ખેલૈયાઓને અમદાવાદ જવા અને ગાંધીનગર આવવા માટે રાત્રે પણ મેટ્રો રેલ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં મોટેરા મેટ્રો રેલ સ્ટેશનથી રાત્રે 2 કલાકે ગાંધીનગર આવવા માટે મેટ્રો રેલ ઉપડશે. તેવી જ રીતે ગાંધીનગરથી અમદાવાદ જવા માટે રાત્રે 1 કલાકે, સેક્ટર-1ના મેટ્રો સ્ટેશનથી મેટ્રો રેલ ઉપડશે. મેટ્રો રેલ સેવાનો લાભ મળતા નવરાત્રીમાં ગરબે ઘૂમતા ખેલૈયાઓને ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉપલબ્ધથી રાહત રહેશે.

## મોટેરા જવા અને મોટેરાથી આવવા ખૈલેયા માટે સુવિધા

મેટ્રો રેલ સેવા પ્રારંભ કર્યા બાદ નગરવાસીઓને વધુ એક ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહેવાથી રાહત મળી રહી છે. જે રીતે એસ ટી બસ તહેવારમાં એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે. તેવી જ રીતે મેટ્રો રેલ સેવા પણ ખાસ દિવસોમાં એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવે છે. તેમાં હાલમાં નવલી નવરાત્રી ચાલી રહી હોવાથી નવરાત્રીનો પર્વ ખેલૈયાઓ માટે માતાજીના ગરબા રમવા માટે વિશેષ આકર્ષણ હોય છે. તેમાંય પાર્ટી પ્લોટમાં ગરબા રમવાનો ક્રેઝ હોવાથી જ્યાં સુધી ગરબા બંધ થાય નહી ત્યાં સુધી ખેલૈયાઓ ગરબે ઘૂમતા હોય છે. તેમાં નવરાત્રીના પાર્ટીપ્લોટમાં ગરબા રમવા જવા માટે ટ્રાફિકની સમસ્યા મોટી સતાવતી હોય છે. ત્યારે ખેલૈયાઓ બસ, મેટ્રો રેલ સેવાનો લાભ લેતા હોય છે.

તેમાં ગાંધીનગર અને અમદાવાદમાં યોજાતા પાર્ટીપ્લોટના નવરાત્રી ગરબે ઘૂમવા આવતા ખેલૈયાઓને ગાંધીનગરથી અમદાવાદ જવા અને અમદાવાદથી ગાંધીનગર પરત આવવા માટે મેટ્રો રેલ મળી રહે તે માટે મેટ્રો રેલ વિભાગ દ્વારા એક્સ્ટ્રા મેટ્રો રેલ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં મોટેરાથી ગાંધીનગર આવવા માટે રાત્રે 2 કલાકે મેટ્રો રેલ ઉપડશે. તેવી જ રીતે ગાંધીનગરથી મોટેરા (અમદાવાદ જવા માટે સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી રાત્રે 1 કલાકે મેટ્રો રેલ ઉપાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.